# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત (Important Notice)

*(સરકારી આયુર્વેદ કોલેજોમાં વિવિધ વિષયના વ્યાખ્યાતાઓ વર્ગ-૨ જા.ક્ર ૫૦ થી ૬૪/૨૦૧૭-૧૮ )*

ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા સીધી ભરતી અન્વયે પ્રસિધ્ધ થતી જાહેરાતોના અનુસંધાને કુલ ૩૦૦ ગુણની પ્રાથમિક કસોટી (હેતુલક્ષી) યોજવામાં આવે છે. પ્રાથમિક કસોટીના પ્રશ્નપત્રમાં ભાગ-૧ સામાન્ય અભ્યાસ ના ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો અને ભાગ-૨ સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો હોય છે. ***સામાન્ય અભ્યાસના આ ૧૦૦ પ્રશ્નોનું માધ્યમ "ગુજરાતી" હોય છે જ્યારે સંબંધિત વિષયના ૨૦૦ પ્રશ્નોનું માધ્યમ આયોગ અન્યથા નક્કી ન કરે તો "ગુજરાતી" હોય છે.***

સરકારી આયુર્વેદ કોલેજમાં વિવિધ વિષયના વ્યાખ્યાતાઓ (લેક્ચરર વર્ગ-૨) ની જગાઓ પર ભરતી માટે તા. **૧૫/૧૦/૨૦૧૭ ના રોજ આયોગ ધ્વારા** જાહેરાત ક્રમાંક **૫૦/૨૦૧૭-૧૮ થી ૬૪/૨૦૧૭-૧૮ પ્રસિધ્ધ** કરવામાં આવેલ છે. ઉક્ત જાહેરાતો અન્વયે યોજાનાર **પ્રાથમિક કસોટી માટે આયોગ ધ્વારા આયુર્વેદના વિવિધ વિષયોનો અભ્યાસક્રમ, આયોગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં પ્રાથમિક કસોટી ના પ્રશ્નપત્ર ભાગ-૧ સામાન્ય અભ્યાસમાં પ્રશ્નપત્રનું માધ્યમ સરતચૂકથી "ગુજરાતી/અંગ્રેજી" (Gujarati/English) દર્શાવેલ છે, જે હવે "ગુજરાતી" (Gujarati) વાંચવાનુ રહેશે.** ભાગ-૨ સંબંધિત વિષયના પ્રશ્નો નું માધ્યમ આયોગે અગાઉ જાહેર કર્યા મુજબ "અંગ્રેજી " જ રહેશે.

*તા. ૧૦/૦૧/૨૦૧૮.*